PAGE NO. :
DATE : / /

નામ :- કોલી દિવ્યા મંગલભાઈ

રોલ નંબર :- 247

સેમેસ્ટર :- 1

વિષય :- મનોવિજ્ઞાન

પેપર કોડ :- MI-EPS-101

પેપરનું નામ :- Inclusive Education and psychological strategies

PRN NO :- COC2025247

સહિ :- D.M.Koli

કોળી દિવ્યા મંગળભાઈ
D.M.Koli



પ્રશ્ન : શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિની સવિસ્તાર વર્ણવો.

## * પ્રસ્તાવના :-

શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક વ્યવહારિક શાખા છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનનો સૌથી મુખ્ય હેતુ શિક્ષકોના જરૂરી કૌશલ્ય સમતાઓને એવી રીતના લાયક બનાવે છે. કે તે વિભિન્ન શૈક્ષણિક સ્તરો ઉપર વિદ્યાર્થીઓના વ્યવહારોને સમજ શકે નિયંત્રિત કરી શકે અને તેમના વિશે અનુમાનો લગાવી શકે પોતાના આ હેતુની પૂર્તિ માટે શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક પોતાની વિભિન્ન પદ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓના વર્તન સંબંધિત સમસ્યાનો અભ્યાસ કરવા માટે આંકડાની સંગ્રહ કરે છે અને આ પદ્ધતિમાંથી મુખ્ય પદ્ધતિઓ નીચે મુજબ છે :-

કોલી દિવ્યા મગનભાઈ
D.M.Koli



# * મુલાકાત પદ્ધતિ :-

મુલાકાત એક અભ્યાસ પદ્ધતિ પણ છે અને એક અભ્યાસ સાધન પણ છે, જેની મદદથી મહત્ત્વની માહિતી એકત્રિત કરવામાં આવે છે. મુલાકાતને અંગ્રેજીમાં 'Interview' કહેવામાં આવે છે. અંગ્રેજી શબ્દ 'Interview' બે શબ્દોનો બનેલો છે, એટલે કે Inter - View = Interview. અંગ્રેજી શબ્દ Interનો અર્થ છે, 'અંદર' અને Viewનો અર્થ છે 'જોવું.' આમ અંદર જોવાની પ્રક્રિયા એ જ મુલાકાત છે. અહીં જે વ્યક્તિનો અભ્યાસ કરવામાં આવી આવી રહ્યા છે, તેઓની આંતરીક બાબતોમાં ડોકીયું કરવામાં આવે છે. મુલાકાત એક એવી પદ્ધતિ છે, જેના દ્વારા આપણે અભ્યાસ એકમો (સદસ્યો) ના એવા અનુભવો અને વિચારો વગેરે વિશે માહિતી પ્રાપ્ત કરી શકીએ છીએ જેના વિશે આપણને પ્રત્યક્ષ રીતે કંઈ પણ દેખાતું હોતું નથી.

કોલી દિવ્યા મંગલભાઇ
D.M.Koli



મુલાકાતની અગત્યતા વિશે ઓલપોર્ટ (1954) નું કહેવું છે કે, "જો આપણે એ જાણવા માંગીએ છીએ કે લોકો કઈ રીતે અનુભવે છે, શું અનુભવે છે? શું યાદ રાખે છે તેના આવેગ અને પ્રેરણાઓ કયા પ્રકારની છે, તેઓના કાર્ય કરવાનું કારણ શું છે? તો તેઓને જ આપણે કેમ પૂછી ન લઈએ.

* મુલાકાતની વ્યાખ્યાઓ :-

"મુલાકાત એટલે સામ-સામે અથવા મોઢો-મોઢ કરવામાં આવેલ વાતચીતને મુલાકાત કહેવામાં આવે છે."

"મુલાકાત આમને-સામને કરવામાં આવેલ પરસ્પર વાર્તાલાપ છે, જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી અમુક માહિતી પ્રાપ્ત કરે છે."

- ડેન્ઝીન

* મુલાકાત પદ્ધતિની વ્યાખ્યાં ઉપરથી અમુક લાક્ષણિકતાઓ :-

→ મુલાકાત પદ્ધતિ માહિતી એકત્રિત કરવા માટેની એક પદ્ધતિ છે.

→ સામાન્ય રીતે મુલાકાત આમને - સામનેની પરિસ્થિતિ છે.

→ મુલાકાતમાં મુલાકાતકર્તા દ્વારા માહિતીની નોંધ કરવામાં આવે છે.

* <u>મુલાકાત પદ્ધતિનાં સોપાનો</u> :-

1. મુલાકાતનો હેતુ નક્કી કરવો.
2. મુલાકાતની યોજના બનાવવી.
3. મુલાકાતનું સંચાલન
4. મુલાકાતમાં રેકોર્ડિંગ
5. માહિતીનું વિશ્લેષણ
6. અહેવાલ તૈયાર કરવો

કોલી દિવ્યા મંગલભાઈ
D.M.Koli
PAGE NO.: 5
DATE: / /

## * મુલાકાત પદ્ધતિનાં પ્રકારો :-

→ સામાન્ય રીતે મુલાકાત પદ્ધતિના અનેક પ્રકાર પડે છે.

### 1. અસંરચિત મુલાકાત :-

"અસંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાત સંરચના અગાઉથી નક્કી નથી હોતી અને મુલાકાતકર્તાને પોતાની સંશોધન સમસ્યાનાં સંબંધમાં પ્રશ્ન પૂછવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોય છે.

આ પ્રકારની મુલાકાત એવી અનેક નામ છે, જેમ કે, અનિયંત્રિત મુલાકાત, અનિર્દેશિત મુલાકાત, અપ્રમાણિત મુલાકાત તથા અમાર્ગદર્શક મુલાકાત.

### 2. સંરચિત મુલાકાત :-

"સંરચિત મુલાકાત એવી મુલાકાત છે જેમાં મુલાકાતની સંરચના પૂર્વનિર્ધારીત હોય છે અને

કોલી દિવ્યા મંગલભાઈ
D.M.Koli


મુલાકાતકર્તાઓને સંશોધન સમસ્યાને લગતા નિશ્ચિત કે ચોક્કસ પ્રશ્ન સિવાય અન્ય પ્રશ્નો પૂછવાની સ્વતંત્રતા નથી હોતી.

આ પ્રકારની મુલાકાતનાં અનેક નામ છે, જેમ કે - નિયંત્રિત મુલાકાત, નિર્દેશિત મુલાકાત, પ્રમાણિત મુલાકાત તથા માર્ગદર્શક મુલાકાત.

3. કેન્દ્રિત મુલાકાત અથવા અર્ધ-સંરચિત મુલાકાત :-

આ પ્રકારની મુલાકાત સંરચિત અને અસંરચિત મુલાકાત બન્નેનુ મિશ્રિત સ્વરૂપ જોવા મળે છે. આ પ્રકારની મુલાકાતનું એક અન્ય અગત્યનું લક્ષણ એ છે કે તેના દ્વારા અભ્યાસ કરવામાં આવતી સંશોધન સમસ્યા કોઈ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધિત હોય છે અને સંપૂર્ણ મુલાકાત આ ઘટના કે પરિસ્થિતિ સાથે સંબંધિત હોય છે. અને સંપૂર્ણ મુલાકાત આ ઘટના કે પરિસ્થિતિ પર જ કેન્દ્રિત હોય છે આ માટે તેને કેન્દ્રિત મુલાકાત કહે છે.

કોલી દિવ્યા મંગલભાઈ
D.M.Koli PAGE NO.: 7
DATE: / /

# * નિષ્કર્ષ :-

મુલાકાત પદ્ધતિનાં દરેક પ્રકારની પોતાની અલગ ઉપયોગિતા છે. સંશોધન માટે સંરચિત મુલાકાત, કાઉન્સિલિંગ માટે અસંરચિત મુલાકાત અને શૈક્ષણિક અભ્યાસ માટે અર્ધ-સંરચિત મુલાકાત સૌથી વધુ ઉપયોગી સાબિત થાય છે. શિક્ષકે પરિસ્થિતિ, હેતુ અને વિદ્યાર્થીઓની જરૂરિયાત અનુસાર યોગ્ય પ્રકાર પસંદ કરવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

કોલી દિવ્યા મગનભાઈ
D.M.Koli

PAGE NO.: ૪
DATE: / /

## * પ્રશ્નાવલી પદ્ધતિ :-

પ્રશ્નાવલી વાર્તનિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાનું અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે. જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાક પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે, જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે, અને ત્યારબાદ તે છપાવી દેવામાં આવે છે જેને પ્રશ્નાવલી પુસ્તીકા કહેવામાં આવે છે. પ્રશ્નાવલીની વ્યાખ્યાં નીચે મુજબ છે :-

## * વ્યાખ્યાંઓ :-

" સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે, જેમાં એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે. "

- ગુડે તથા હાટ

કોલી દિવ્યા મંગલભાઈ
D.M. Koli



"મોટા ભાગે એવા કોઈપણ સાધન માટે 'પ્રશ્નાવલી' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, જેમાં એવો પ્રશ્નો કે વિગતો હોય છે, જેનો ઉત્તર વ્યક્તિ પોતે આપે છે."

- એફ. એન. કરલિંગર

0 પ્રશ્નાવલી પદ્ધતિની વ્યાખ્યાઓ ઉપરથી અમુક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે :-

1. પ્રશ્નાવલીમાં પ્રશ્નોની કડી અથવા હારમાળા હોય છે, એટલે કે જ્યારે સંશોધન સમસ્યાન પરિવર્ત્યોનું માપન કરવા માટે તે પરિવર્ત્ય સાથે સંબંધિત કેટલાય પ્રશ્નો એક સાથે તૈયાર કરવામાં આવે છે, તે આ પ્રશ્નોની હારમાળાને પ્રશ્નાવલી કહેવામાં આવે છે.

2. પ્રશ્નાવલીને એક ફોર્મના રૂપમાં તૈયાર કરવામાં આવે છે જેમાં પ્રશ્ન, તેના ઉત્તર માટેના વિકલ્પો અને ઉત્તર માટે જગ્યા, ઉત્તરદાતાનું નામ, સરનામું, લાયકાત વગેરે લખવા માટે પણ પર્યાપ્ત જગ્યા હોય છે.

3. પ્રશ્નાવલીની એક વિશેષતા એ પણ છે, કે તેનો ઉત્તરદાતા પોતે જ વાંચે છે,

તથા પુસ્તિકા છાપવામાં આવેલ પ્રશ્નોના ઉત્તર પણ પોતે જ આપે છે. એટલા માટે પ્રશ્નાવલીને સ્વ-રીપોર્ટ માપન પણ કહેવામાં આવે છે.

→ પ્રશ્નાવલીનાં પ્રકારો અલગ-અલગ વિદ્વાનોને અલગ-અલગ દર્શાવ્યા છે. જેમ કે, પ્રશ્નાવલીના મુખ્ય બે પ્રકારો છે, 1. માહિતી સંબંધી પ્રશ્નાવલી અને 2. મનોવલણ સંબંધી પ્રશ્નાવલી.

→ જ્યારે પ્રશ્નાવલીના ઉપયોગમાં લેવામાં આવેલ વિગતો કે પ્રશ્નોને આધારે પ્રશ્નાવલીનાં બે પ્રકાર દર્શાવ્યા છે:- (1) બંધ પ્રશ્નાવલી, (2) ખુલ્લા પ્રશ્નોવાળી પ્રશ્નાવલી.

→ પી. વી. યંગે જ પ્રશ્નાવલીની રચના આધારે પ્રશ્નાવલીનાં અન્ય બે પ્રકાર બતાવ્યા:-

(1) સંરચિત પ્રશ્નાવલી
(2) અસંરચિત પ્રશ્નાવલી

→ કરલિંગર (1978) એ પ્રશ્નાવલીના બે પ્રકારો દર્શાવ્યા છે :-

(1) નિશ્ચિત કે સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી
(2) વિસ્તૃત વિગતોવાળી પ્રશ્નાવલી

કોળી દિવ્યા મંગળભાઈ
D.M.Koli



# * પ્રશ્નાવલીનાં પ્રકારો :-

→ કરલિંગરે આપેલા પ્રશ્નાવલીના પ્રકારો નીચે મુજબ છે :-

## 1. નિશ્ચિત અથવા સીમિત વિગતોવાળી પ્રશ્નાવલી :-

પ્રશ્નાવલીને બંધ પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ પ્રશ્નાવલીની વિગતો કે પ્રશ્નોનુ સ્વરૂપ એવું હોય છે કે જેના ઉત્તર સીમાબદ્ધ અથવા નિયંત્રિત હોય છે.

## 2. વિસ્તૃત- વિગતોવાળી પ્રશ્નાવલી :-

આ પ્રકારની પ્રશ્નાવલીને ખુલ્લી પ્રશ્નાવલી પણ કહે છે. આ પ્રકારની પ્રશ્નાવલીમાં ઉત્તરદાતા આપવામાં આવેલ પ્રશ્નોનો જવાબ પોતાના શબ્દોમાં આપે છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર તો એક પંક્તિમાં કે એકથી અધિક પંક્તિઓમાં આપી શકે.

કોલી દિવ્યા ગંગાભાઈ
D.M.koli PAGE NO.: 12 DATE: / /

→ પી. વી. યંગ મુજબ પ્રશ્નાવલીનાં મુખ્ય પ્રકારો નીચે મુજબ છે :-

## (1) સંરચિત પ્રશ્નાવલી :-

સંરચિત પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં નિશ્ચિત, મૂર્ત અને પૂર્વ નિર્ધારીત પ્રશ્નો હોય છે. પ્રશ્નાવલીનાં પ્રશ્નો પહેલેથી તૈયાર રાખવામાં આવે છે.

## (2) અસંરચિત પ્રશ્નાવલી :-

અસંરચિત પ્રશ્નાવલી - મુલાકાત નિર્દેશિકાની સમાન હોય છે. આ પ્રકારનં પ્રશ્નાવલીમાં પ્રશ્નોનું નિર્માણ પહેલેથી નથી કરવામાં આવતું. તેમાં માત્ર વિષય જ લખેલા હોય છે જેના આધાર માહિતી એકત્રિત કરવામાં આવે છે.

## (3) ચિત્રમય પ્રશ્નાવલી :-

સામાન્ય રીતે પ્રશ્નાવલીનો ઉપયોગ માત્ર શિક્ષિત સમૂહ માટે કરવામાં આવે છે, પરંતુ જો કોઈ

કોલી હિરલ ગંગાભાઈ
D. M. Koli



સમૂહ ઓછો શિક્ષિત છે અને વળી બહુ તેઓની સાથે કોઈ કારણોસર પ્રત્યક્ષ સંપર્ક સ્થાપિત કરવો મુશ્કેલ છે તો આવી પરિસ્થિતિમાં ચિત્રમય પ્રશ્નાવલી દ્વારા માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## (4) મિશ્રિત પ્રશ્નાવલી :-

જેમાં કોઈ એક પ્રકારનાં પ્રશ્નો ન હોતા અનેક પ્રકારના પ્રશ્નો હોય છે, આવી પ્રશ્નાવલીમાં બંધ પ્રશ્નો ચિત્રમય પ્રશ્નો, સંરચિત પ્રશ્નો, અસંરચિત પ્રશ્નો વગેરેમાંથી કોઈપણ પ્રકારના પ્રશ્નો હોય છે.

## ○ લાભ :-

→ નિષ્પક્ષ અભ્યાસ

પ્રશ્નાવલી પદ્ધતિમાં સંશોધકનો પૂર્વગ્રહ ઓછો રહે છે. જવાબદાર વ્યક્તિ પોતાની સમજ મુજબ ઉત્તર આપે છે. એટલે અભ્યાસ નિષ્પક્ષ અને વિશ્વસનીય બને છે.

→ વસ્તુનિષ્ઠ અભ્યાસ

→ વિશાળ સમુદાયનાં અભ્યાસમાં ઉપયોગી.
→ ઝડપી અભ્યાસ
→ ઓછો ખર્ચ

o **મર્યાદાઓ :-**

→ શિક્ષિત લોકો સુધી મર્યાદિત
→ અધુરી માહિતી
→ પ્રતિસાદની સમસ્યા
→ અસ્પષ્ટ લખાણ
→ ઊંડા અભ્યાસમાં મુશ્કેલી
→ પ્રશ્નો બનાવવામાં મુશ્કેલી

**નિષ્કર્ષ :-**

આમ, પ્રશ્નાવલી પદ્ધતિ સંશોધનમાં માહિતી એકત્રિત કરવાની એક સરળ, વ્યવસ્થિત અને અસરકારક પદ્ધતિ છે. યોગ્ય આયોજન અને સાવધાની સાથે ઉપયોગ કરવામાં

કોલી દિવ્યા મંગલભાઈ
D.M.Koli

PAGE NO : 15
DATE : / /

આમ તો પ્રશ્નાવલી પદ્ધતિ શૈક્ષણિક અને માનસિક સંશોધન માટે અતિ મહત્ત્વપૂર્ણ સાધન બની શકે છે.